જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૨/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૩૩૯/૧૬

## કાલુપુર મા સીંગતેલ ના ગોડાઉનમાંથી સીંગતેલના ડબ્બા તથા સીંગદાણા ના કટ્ટાની ચોરીઓ કરતા નોકર સહીત ના ત્રણ ઇસમોને સિંગતેલના ડબ્બા નંગ-૩૦ તથા સીંગદાણાના કટ્ટા નંગ-૧૯ તથા લોડીંગરીક્ષા મળી કુલ્લે કિં.રૂ. ૧,૪૦,૬૨૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જે. કે. ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ પટેલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી તથા ઘરફોડ ચોરીના ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.બી.બારડ તથા પોલીસ સબ ઇસ્પેકટર શ્રી એસ.એન.દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે અંજલી ચાર રસ્તા પાસેથી .(૧) કિશોર દાનાજી જાતે ખટીક ઉ.વ.૩૦ રહે. ગુપ્તાનગર, ગેલા ભરવાડની ચાલી, વાસણા, અમદાવાદ શહેર. મુળગામ:ઓ કોશીલાવ જી.પાલી રાજસ્થાન તથા નં.(૨) લક્ષ્મણ ઉર્ફે શ્રવણ s/o રામાજી જાતે ખટીક ઉ.વ.૩૫ રહે. મ.નં.૩૮૫, સોમેશ્વરનગર, પ્રતાપકુંજ સોસાયટી બાજુમા, સરખેજ રોડ,વાસણા, અમદાવાદ શહેર. મુળવતન ગામ:- ભાવડી, જી.પાલી, રાજસ્થાન તથા નં.(૩) અશોક S/O સુલતાન નેન્છુરામ ગુર્જર ઉ.વ.૨૩ રહે. ગુલાબસીંગ તેલના ગોડાઉનમા, તેલીયામીલ, કાલુપુર, અમદાવાદ શહેર. મુળગામ:શેરપુરા તા.શાહુપુરા જી.જયપુર રાજસ્થાન નાને તા.૧૮/૧૨/૨૦૧૬ નારોજ પકડી અટક કરવામા આવેલ છે. જેમની પાસેથી (૧) ગુલાબ સિંગતેલના ડબ્બાઓ નંગ-૩૦ કિં.રૂ.૫૨,૫૦૦/- (૨) સિંગદાણા ના કટ્ટાઓ નંગ-૧૯ કિં.રૂ.૨૮,૧૨૦/- (૩) લોડીંગ રિક્ષા GJ-01-CV-2234 ની કિં.રૂ.૬૦,૦૦૦/- મળી તમામ કુલ્લે કિં.રૂ. ૧,૪૦,૬૨૦/- નો મુદામાલ કબજે કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા આરોપી નં.(૩) અશોક ગુર્જર નાનો કાલુપુર તેલીયામીલ મા આવેલ ગુલાબસીંગ તેલના ગોડાઉનમા નોકરી કરતો હોય અને ગોડાઉનમા રાખેલ સરસામાન ની લાવવા લઇ જવા તથા તેની ગણતરીઓ રાખવાની નોકરી કરતો હોય જેથી કંપનીમાથી ટ્રકમા આવતા વધારાના ડબ્બાઓ અથવા તુટેલા ડબ્બાઓને સાઇડ મા કરી મેનેજરને હિસાબ સરભર બતાવી દેતો હોય તેને વધારેના ભેગા કરેલ તેલના ડબ્બાઓ અને સીંગદાણાના કટાઓ લઇ જવા તથા ઉપાડવા અને બહાર વેચવા સારુ લોડીંગ રિક્ષા ચલાવતા આરોપી નં.(૧) કિશોર ખટીક અને (૨) લક્ષમણ ખટીક નો સંપર્ક કરી તેમને લાલચ આપતા તેઓ ત્રણેય ભેગા મળી કામ કરવાનુ નક્કી કરેલ અને અશોક ગુર્જર તેલના ડબ્બાનો બજારભાવ થી ૩૦૦ થી ૪૦૦ રૂપિયા ઓછા લઇ ને લક્ષમણ અને કિશોર ને આપીદેતો હતો અને લક્ષમણ તથા કિશોર બહાર બીજા ગ્રાહકોને ૨૦૦ થી ૩૦૦ રૂપિયાનો નફો ચડાવીને વેચતા હતા અને અશોક ગુર્જર દર દસ પંદર દિવસે ભેગા થયેલ ડબ્બાઓ વેચી દેવા સારુ આરોપી નં.(૨) અને (૩) ને બોલાવતો હતો જેથી આજરોજ ઉપરોકત ગોડાઉન માંથી ચોરી કરેલ સીંગતેલના ડબ્બાઓ પૈકી વધેલા સીંગતેલના ડબ્બાઓ અને સીંગદાણાના કટ્ટાઓ ભેગા કરી સીંગતેલ ના ડબ્બા નંગ-૩૦ તથા સિંગદાણા ના કટ્ટા નંગ-૧૯ આરોપી નં.(૧) ની લોડીંગ રિક્ષા મા ભરીને કોઇ ગ્રાહક ને વેચવા સારુ જતા હતા દરમ્યાન અંજલી ચાર રસ્તા પાસેથી પકડી લીધેલ છે. અને આ બનાવ સબંધે દરિયાપુર પો.સ્ટેશન ખાતે ગુન્હો દાખલ થયેલ હોય વધુ તપાસ અર્થે આરોપી ને દરિયાપુર પો.સ્ટે. । ગુ.ર.નં.૬૪/૧૬ ઇપીકો ૩૮૧ મુજબના ગુન્હાના કામે સોપવા સારુ તજવીજ કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અમદાવાદ શહેરમાં "અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે" તેમજ "નારોલ થી નરોડા હાઈવે રોડ "ઉપરથી વહેલી સવારના ઉતરતા પેસેન્જરોને રીક્ષામાં ભાડુઆત તરીકે બેસાડી તે પેસેન્જરના થેલામાંથી તેની નજર ચુકવી ચોરી કરનારગેંગને ચોરીનાંમુદ્દામાલ તથા રીક્ષા સાથેઝડપી પાડીઘણા ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

**અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રનસાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ પટેલ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રી બી.એચ.કોરોટનાઓ તેમનાસ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ગઈકાલ તા.૧૭/૧૨/૧૬ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યે નિકોલ થી નવા નરોડા તરફ જવાના રોડ ઉપર ગોપાલ ચોક** પાસેથી (૧) અફસર ઉર્ફે બાટલી જફરખાન જાતે.પઠાણ ઉ.વ.૩૦ રહે.વટવા નારોલ રોડ સોનલ ફેક્ટરીની પાછળ આશીયાના પાર્ક મ.નં.૫૯ વટવા અમદાવાદ (૨) કિરણબેન W/O સતિષભાઈ પ્રાણશંકર જાતે.દવે ઉ.વ.૪૭રહે.હાલ રુમ.નં.૬,હરે ક્રીષ્ણા કોમ્પલેક્ષ પુનીત નગર ક્રોસિંગ પાસે, શ્રી ભોલા સાંઈબાબા મંદીરની ઉપર ઘોડાસર અમદાવાદ (૩) પુનમબેન D/O સતિષભાઈ પ્રાણશંકર જાતે.દવે ઉ.વ.૨૭ ધંધો.બેકાર રહે.હાલ રુમ.નં.૬,હરે ક્રીષ્ણા કોમ્પલેક્ષ પુનીત નગર ક્રોસિંગ પાસે, શ્રી ભોલા સાંઈબાબા મંદીરની ઉપર ઘોડાસર અમદાવાદ(૪) મિનાક્ષીબેન D/O માવજીભાઈ બેચરભાઈ જાતે.મકવાણા ઉ.વ.૩૧ રહે.હાલ રુમ.નં.૬,હરે ક્રીષ્ણા કોમ્પલેક્ષ પુનીત નગર ક્રોસિંગ પાસે, શ્રી ભોલા સાંઈબાબા મંદીરની ઉપર ઘોડાસર અમદાવાદનાઓને**એક CNG રીક્ષા નં. GJ-1-CZ-5251** તથા રોકડા રૂ.૫૦૨૦૦/- તથા ચાંદીના દાગીના રૂ.૧૧૦૦૦/- સાથે પકડી કુલ રૂ. ૧૩૯૨૦૦ ના મુદ્દામાલ સાથે **અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.**

સદરી આરોપીઓની પુછપરછ કરતા આરોપીઓ પોતાની જરૂરીયાતો પુરી કરવા સારું છેલ્લા સાતેક માસથી ભેગા મળી વહેલી સવારના અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવેથી ઉતરતા પેસેન્જર જેમાય આ પેસેન્જરની પાસે સરસામાનના થેલા હોય તેઓને નિશાન બનાવી તે પેસેન્જરને ઓછા ભાડામાં લઈ જવાની લાલચ આપીને રીક્ષામાં ભાડુઆત તરીકે બેસાડી તે રીક્ષામાં અગાઉથી આ ગેંગની લેડીજો બેસેલ હોય તેઓની મદદથી આ રીક્ષામાં ભાડુઆત તરીકે બેસેલ પેસેન્જરને નજર ચુકવી તેમના થેલાઓમાંથી હાથ ફેરવી પૈસા તથા દરદાગીના ની ચોરી કરતા હતા અને જેમાં મળતા રોકડા પૈસા તેઓ સરખે ભાગે વહેચી લેતા હતા અને તેમાથી આરોપી નં.(૧) અફસર ઉર્ફે બાટલી જફરખાન જાતે.પઠાણ નાઓ આ પહેલા અમદાવાદ શહેરના ઈસનપુર, ખોખરા, શાહપુર, નરોડા,હવેલી પોલીસ સ્ટેશન ખાતે આ પ્રકારની ચોરીઓમાં પકડાયેલ છે અને એક વાર પાસા પણ કાપેલ છે અને હાલમાં આ આરોપીઓએ છેલ્લા ત્રણેક માસ દરમ્યાન વહેલી સવારના રીક્ષામાં પેસેન્જરોને ભાડુઆત તરીકે બેસાડી તેઓના થેલાઓમાંથી ચોરી કરવાના નીચે મુજબના ગુન્હાઓની કબુલાત કરેલ છે.

(૧) આજથી વીસેક દીવસ પહેલા નરોડા પાટીયાથી એક ઈસમને પોતાની રીક્ષામાં બેસાડી તેના થેલામાંથી દોઢ લાખ જેટલા રોકડા કાઢી લીધેલ જે સબંધે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.રનં.૨૧૭/૧૬ ઈ.પી.કો.૩૭૯,૧૧૪ મુજ્બનો ગુન્હો દાખલ થયેલ છે.

(૨) તે પછી ઠક્કરનગર થી એક લેડીઝ ઉ.વ.૩૦ ના આશરાની ને બેસાડી તેને રામ રાજ્ય નગર ખાતે ઉતારી તેના થેલામાંથી રૂ.૮,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૩) તે પછી એક્સપ્રેસ હાઈવેથી એક કાકા તથા કાકીને બેસાડી તેમને રાજેન્દ્ર પાર્ક ઉતારી તેઓ પાસેથી રૂ.૩૦,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૪) તે પછી એક્સપ્રેસ હાઈવેથી એક ઈસમને બેસાડી તેઓને રાજેન્દ્રપાર્ક પાસે ઉતારી તેઓની પાસેના થેલામાંથી રૂ.૩૦,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૫) તે પછી એક્સપ્રેસ હાઈવેથી એક ઈસમ ને બેસાડી તેઓને રબારી કોલોની પાસે ઉતારી તેઓની પાસેના થેલામાંથી રૂ.૨૦,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૬) તે પછી એક્સપ્રેસ હાઈવેથી એક લેડીઝ ને બેસાડી તેઓને રબારી કોલોની પાસે ઉતારી તેઓની પાસેના થેલામાંથી રૂ.૨,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૭) તે પછી એક્સપ્રેસ હાઈવેથી એક કાકા તથા કાકી ને બેસાડી તેઓને રામરાજ્ય પાસે ઉતારી તેઓની પાસેના થેલામાંથી એક ચાંદીની હાંસડી ગળામાં પહેરવાની તથા ચાર ચાંદીની હાથમાં પહેરવાની બંગડી ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૮) તે પછી રામરાજ્યનગરથી એક લેડીઝ ને બેસાડી તેઓને ખોડીયારનગર પાસે ઉતારી તેઓની પાસેના થેલામાંથી રૂ.૧૦,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૯) એક્સપ્રેસ હાઈવેથી એક પુરુષને બેસાડી તેઓને રાજેન્દ્રપાર્ક પાસે ઉતારી તેઓની પાસેના થેલામાંથી રૂ.૨૦,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

(૧૦) એક્સપ્રેસ હાઈવેથી એક પુરુષ ને બેસાડી તેઓને ખોડીયારનગર પાસે ઉતારી તેઓની પાસેના થેલામાંથી રૂ.૧૫,૦૦૦/- ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

આ ગેંગની મુખ્ય ખાસિયત એ છે કે આ ગેંગમાં ત્રણેક જેટલી લેડીઝ હોય છે અને જે અગાઉથી રીક્ષામાં બેસેલ હોય જેથી પેસેન્જર લેડીઝ બેસેલ હોવાના કારણે વિશ્વાસમાં રીક્ષામાં બેસી જાય તેમજ આ ત્રણ લેડીઝોમાંથી પુનમ દવે ઘણી વાર પોતે પણ રીક્ષા ચલાવી લેતી હતી સદરી આરોપીઓએ આ સિવાય બીજા કોઇ ગુન્હા કરેલ છે કે કેમ? તે દિશામાં તપાસ તજવીજ હાથ ધરી સદરી આરોપીને કૃષ્ણનગર પો.સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)